# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2023** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# REV. Guj-Global Fisheries Conference

ગુજરાતના અમદાવાદમાં પહેલી આંતરરાષ્ટ્રીય મત્સ્યપાલન પરિષદનો આજથી આરંભ થયો છે. કેન્દ્રિય મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમ રૂપાલા, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રિય મત્સ્યોધ્યોગ રાજયમંત્રી એલ. મુરૂગન અને અન્ય મહાનુભાવો ઉપસ્થિતિ હતા.

કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ પરિષદના ઉદ્દઘાટન સત્રમાં જણાવ્યું હતું કે ભારત  મત્સ્ય ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં ત્રીજું સ્થાન ધરાવે છે. કેન્દ્રની એનડીએ સરકારના કાર્યકાળમાં ઇનલેન્ડ ફિશિંગના ઉત્પાદનમાં ત્રણ ગણો વધારો નોંધાયો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે બે દિવસીય પરિષદમાં થનારી ચર્ચાની મદદથી મત્સ્યોદ્યોગ ક્ષેત્રના પડકારોનો ઉકેલ મેળવવાની સાથે સાથે આ ક્ષેત્રના ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરી શકાશે.

(બાઇટ- પરષોત્તમ રૂપાલા)

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉદ્દઘાટન સત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાત પાસે દેશમાં સૌથી વધુ લંબાઈ ધરાવતો દરિયા કિનારો છે અને માછલી ઉત્પાદનમાં ગુજરાત દેશનું અગ્રણી રાજય છે. એવી જ રીતે દેશની માછલીઓની નિકાસમાં ગુજરાતનો હિસ્સો 17 ટકા છે. શ્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે ઇનલેન્ડ રીઝર્વીયર લીઝીંગ પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો. એવી જ રીતે ઘોલ માછલીને ગુજરાત રાજયની સત્તાવાર માછલી જાહેર કરાઇ છે.

આ પ્રસંગે મત્સ્યપાલન અને માછીમારી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનારને પુરસ્કારો અર્પણ કરાયા હતા.

..2..

અગાઉ કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે મત્સ્યપાલન અને આ ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજીનો પરિચય આપતા પ્રદર્શનનો શુભારંભ કરાવ્યો હતો. આજે કેન્દ્રિય મંત્રી રૂપાલા નોર્વે, ઓસ્ટ્રેલિયા, રશિયા દેશોના તેમજ અન્ન અને કૃષિ સંસ્થા જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધીઓની યોજાનારી ગોળમેજી પરિષદમાં ભાગ લેશે.

અમારા સંવાદદાતા અર્પણા ખૂંટ જણાવે છે  કે ભારતીય મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા વિશ્વ મત્સ્યપાલન દિવસ નિમિત્તે બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું અમદાવાદમાં આયોજન કરાયું છે. જેમાં 10 દેશોની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, મત્સ્યોદ્યોગ સંગઠનોના પ્રતિનિધીઓ ભાગ લઇ રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

# GLOBAL FISHERIES CONFERENCE INDIA LIVE BROADCAST

અમદાવાદ સાયન્સ સિટી ખાતે યોજાયેલ વૈશ્વિક  મત્સ્ય પરિષદનું કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ના વણાકબારા ખાતે જીવંત પ્રસારણ કરાયું હતું. દીવ ના વણાકબારા શ્રી મહાસાગર ફિશરીઝ કો.ઓપરેટીવ

સોસાયટી લીમિટેડ ના હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વણાકબારા ના માછીમારો હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Samaras Chhatralay

રાજ્ય સરકાર દ્વારા સમરસ પ્રોજેક્ટ માટે છેલ્લા બે વર્ષમાં, 68 કરોડ રૂપિયાથી વધુનું  બજેટ ફાળવવામાં આવ્યું છે. એવી જ રીતે 10 જિલ્લાઓમાં 20 સમરસ છાત્રાલયો કાર્યરત છે. અત્યાર સુધી 22 હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ છાત્રાલયોનો લાભ લીધો છે.

અમદાવાદ, ભાવનગર, રાજકોટ, સુરત અને વડોદરા ખાતે 1000 વિદ્યાર્થીઓની ક્ષમતા છે, જામનગરમાં 500 વિદ્યાર્થીઓની ક્ષમતા છે અને આણંદ, હિંમતનગર, ભુજ અને પાટણમાં બોય્ઝ/ગર્લ્સની દરેક હોસ્ટેલમાં 250 વિદ્યાર્થીઓની ક્ષમતા છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના "સમરસ છાત્રાલય પ્રોજેક્ટ",માં સામાજિક અને આર્થિક રીતે વંચિત પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને, ખાસ કરીને અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC) અને આર્થિક રીતે પછાત વર્ગ (EBC)ના વિદ્યાર્થીઓને અતિઆધુનિક સુવિધાઓથી સજ્જ હોસ્ટેલોમાં રહેવા અને ગુણવત્તાયુક્ત જમવાની સગવડ વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવે છે.

સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને સારા અને વ્યવસ્થિત રૂમ, સ્વચ્છ સેનિટેશન સુવિધાઓ, લાયબ્રેરી અને મનોરંજન માટેનો વિસ્તાર જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત આ પ્રોજેક્ટમાં શિક્ષણની ગુણવત્તા અને જીવનની ગુણવત્તા સુધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં પ્રેરક પ્રવચનો, શૈક્ષણિક કાર્યશાળાઓ, તબીબી શિબિરો, યોગ દિવસની ઉજવણી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી વગેરેનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# DANG - VIKSIT BHARAT SANKLAP YATRA

દેશમાં જનહિતલક્ષી યોજનાઓના લાભ થી પાત્રતા ધરાવતા એક પણ વ્યક્તિ વંચિત ન રહે તે માટે જાગૃતિ કેળવવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યાત્રાના માધ્યમથી છેવાડા ના લોકો સુધી પહોંચી, સરકારી યોજનાઓની જાણકારી અને તેનો લાભ પુરો પાડવા માટે લોકોને મળવાપાત્ર લાભ સહિત અનેક સેવાઓ ઘરઆંગણે પુરી પાડવામાં આવી રહી છે.

આ અંતર્ગત ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના ગોદડીયા અને ખાતળ ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા ના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં કુલ ૫૪૧ લોકોએ ભાગ લિધો હતો.આ યાત્રા સાથે ગામમા વિશેષ ‘ગ્રામસભા’, તબીબી નિદાન અને સારવાર કેમ્પ, પશુ આરોગ્ય મેળા, શૈક્ષણિક સ્પર્ધાઓ, ક્વિઝ કોમ્પિટિશન સહિત વિવિધ કાર્યક્રમો યોજવામાં

આવ્યા હતા. બંને ગામના લોકોએ અહીં આયોજિત આરોગ્ય કેમ્પનો લાભ લીધો હતો. જેમા ૯૧ વ્યક્તિઓનુ ટી.બી સ્ક્રિનીંગ, તથા ૬૧ જેટલા લોકોનું સિકલસેલનું સ્ક્રિનીંગ પણ હાથ ધરાયુ હતુ. સાથે પી.એમ.જે.વાય - મા યોજના, એન.સી.ડી., આભા આઇ-ડી અને વેકસીનેશન ની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.ઉપરાંત ૪ મહિલાઓ, અને ૭ વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. તેમજ ગોદડીયા અને ખાતળ ગામમા આયુષ્યમાન કાર્ડ, પી.એમ.કિસાન યોજના, જન ધન યોજના, ડિજિટલ રેકર્ડ ઉપર જમીન અને જળ જીવન મિશન અંતર્ગત ૧૦૦ ટકા કામગીરી પુર્ણ કરવામા આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## KUTCCH EARTHQUAKE

કચ્છ જિલ્લામાં ભચાઉ નજીક વહેલી સવારે 3.2 ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી 15 કિમી દૂર પશ્ચિમ-દક્ષિણ દિશાએ નોંધાયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# T-20 INTERNATIONAL CRICKET

ઓસ્ટ્રેલિયા સાથેની પાંચ આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટ મેચની શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે.

વિશાખાપટ્ટનમમાં આગામી 23મી નવેમ્બરથી શરૂ થનારી શ્રેણીની પહેલી મેચમાં સૂર્યકુમાર યાદવ ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ઋતુરાજ ગાયકવાડ પ્રથમ ત્રણ મેચ માટે જ્યારે શ્રેયસ અય્યર ચોથી અને પાંચમી મેચ માટે વાઇસ-કેપ્ટન તરીકે ટીમમાં જોડાશે. તાજેતરના એક દિવસીય વિશ્વકપ બાદ ઘણા વરિષ્ઠ ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે.

આ ટીમના ખેલાડીઓના નામ આ મુજબ છે - સૂર્યકુમાર યાદવ, ઋતુરાજ ગાયકવાડ, ઈશાન કિશન, યશસ્વી જયસ્વાલ, તિલક વર્મા, રિંકુ સિંહ, જીતેશ શર્મા, વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, પ્રસિધ ક્રિષ્ના, અવેશ ખાન અને મુકેશ કુમાર.

. . . . . . . . . . . . . . . . . .